

# આર્ટ ફ્રોમ હાર્ટ

સુધા ભટ્ટ »

કલા માત્ર મનોરંજન માટે કે આંખની તૃપ્તિ માટે જ નથી, પણ 'નોબલ બોન્ડ' જ્યારે કલા સાથે હાથ મેળવે છે ત્યારે એ જીવંત બને છે, લોકોનાં હૃદયમાં અને કલાકારના પોતાના હૃદયમાં. હઠીસિંહ વિઝ્યુઅલ ખાતે બારમી સુધી ચાલનારા ચિત્ર પ્રદર્શનમાં ચાર કલાકારોએ એ સાબિત કરી બતાવ્યું છે કે, કલા બહુજન હિતાય અને બહુજન સુખાય બની શકે છે.પ્રસ્તુત ચિત્રો વેચાય તેની આવકના નિશ્ચિત ટકા સંસ્થા 'જ્યોતિસંઘ'ની બહેનોના શ્રેય માટે વપરાશે.

સુખ્યાત સ્થપતિ બાલક્રિષ્ણ દોશી અને એન.આઈ.ડીના ડાયરેક્ટર પ્રદ્યુમ્ન વ્યાસની હાજરીથી આ પ્રદર્શનના નિમિત્ત કલાકારોને જોમ મળ્યું. મુંબઈ, દિલ્હી અને ગોવાના કલાકારો અમદાવાદને આંગણે એક સુંદર સંદેશ લઈને આવ્યા.સુનિલ મહેતા એ કેનવાસ અને ઓઈલ



પેઈન્ટના આછા, ઘેરા રંગોને નાઈફનો સહારો આપ્યો અને કુદરત પ્રેમી સુનિલભાઈએ સૂર્યોદય, રાત્રિ, નદી, દરિયો, સીધા ચઢાણવાળો પર્વત, માછીમાર, લાંબી રજા પરથી ડ્યૂટી પર હાજર થયેલો સૂર્ય સુપેરે ચીતર્યાં. સાથે સાથે પૃથ્વીની ઉત્ક્રાંતિ અને આધુનિક ગ્લોબલ વોર્મિંગને પણ યાદ કર્યાં. અનાજના દાણા વડે પેચવર્ક કર્યું ને પાછા તેને રંગ્યા.

વીણા સતીષ કેનવાસ પર ઓઈલ પેઈન્ટિંગમાં આછા, ઘેરા રંગ સાથે પૂર્ણિમાની રાતે ગુમ્યાં છે, મા-બાળકની સ્વર્ગસમાન અવસ્થા પયપાન માના મુખ પર ઘેરો સંતોષ લાવે છે. સીધા ટ્યૂબમાંથી શૃંગાર, વસંતને પણ નિખાર્યાં. તુષાર ધવલ શિવભક્ત છે અને દૃષ્ટિ આધ્યાત્મિક છે. કેનવાસ પર ઓઈલ પેઈન્ટની મદદ વડે શિવજીના વિવિધ સ્વરૂપો- નંદીશ્વર, ગંગાધર, ચન્દ્રશેખર, લય, તપસ્વી ઉપરાંત દર્શકોને ભૂરા રંગે મઢ્યાં, કૈલાસની યાત્રા પણ કરાવી. ગરિમાસિંઘ તાંજોર આર્ટમાં માહિર છે. મહેંદીના હોય એવા કોનમાં ગુંદર અને સિરામિક ભરી સોનાના પતરાને પથ્થર પર મૂકી એમ્બોસ કર્યા. તેમને મુખ, ફિગર અને શણગાર ગમે છે. ટેક્સ્ચુઅલ કેનવાસ પર એક્રેલિકની મદદ વડે તેમણે સ્ત્રીની ઝીણી, સ્પષ્ટ, મસ્ત રેખાઓ દોરી છે. હા, ફિગર માટે સંદર્ભ લીધો છે પણ દેવીઓનાં ચિત્રોમાં સ્ટોન વગેરે ચોંટાડી ઘરેણાં જેવાં ચિત્રો બનાવ્યાં છે. મલ્ટિમીડિયા વાપરી વૃદ્ધો, સ્ત્રીઓ અને કૃષ્ણ તથા કૃષ્ણલીલાનાં ચિત્રો બોલતાં કર્યાં છે.





મુંબઈ, દિલ્હી અને ગોવાના કલાકારો સુનિલ, વીણા સતિષ, તુષાર ધવલ અને ગરિમાસિંઘનાં ચિત્રોનું પ્રદર્શન હઠીસિંઘ સેન્ટર ખાતે યોજાયું છે.